eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 141
May 02, 2008

## વ્યવસાયવેરા વિભાગની કામગીરી

રાજય સરકારશ્રી તરફથી એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (આર.સી.) હેઠળ નોંધાયેલ સંસ્થાના વ્યવસાયવેરા વસુલાતની કામગીરી વેચાણવેરા કચેરી તરફથી કરવામાં આવતી હતી, તે પૈકી એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) હેઠળ નોંધાયેલ સંસ્થાના વ્યવસાયવેરા વસુલાત તેમજ નોંધણીની કામગીરી તા. ૧–૧૦–૦૬ થી નગરપાલિકા તથા મહાનગરપાલિકાઓને સોંપવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા, હરિઓમ જનરલ હોસ્પીટલ, જાયન્ટસ ગૃપ, ચોર્યાસી ડેરી અને લાફીંગ કલબના સંયુકત ઉપક્રમે "બાળમેલા" નું આયોજન

તા.૨૭/૦૪/૨૦૦૮નાં રોજ એલ.પી.સવાણી શાળાની સામેના ભાગે આવેલ દ્રષ્ટિ કોમ્પ્લેક્ષ આગળ સુરત મહાનગરપાલિકા, હરિઓમ જનરલ હોસ્પીટલ, જાયન્ટસ ગૃપ, ચોર્યાસી ડેરી અને લાફીંગ કલબના સંયુકત ઉપક્રમે "બાળમેલા" નું આયોજન કરવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

(૧) પૂર્વઝોન (વરાછા) કરંજ વિસ્તારમાં આવેલ વર્ષા સોસાયટી –માં દૂર કરેલ ગેરકાયદેસર બાંધકામઃ
(૨) મોટાવરાછા વિસ્તામાં આવેલ વ્રજભૂમિ સોસા., માધવ પેલેસ એપા. તથા ખોડલછાયા સોસા. માં દુર કરેલ ગેકાયદેસર બાંધકામઃ
(૩) નાનાવરાછા વિસતારમાં આવેલ નવી ટાંકી પાળ ઝુપડપટ્ટી માં બનેલ દુકાનો નુ દુર કરેલ ગેરકાયદેસર બાંધકામ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગ ધ્વારા તા.૧/૫/૨૦૦૮ ને ગુરુવારના રોજ રાત્રે ડાયરાનું આયોજન

ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૫/૨૦૦૮ ને ગુરુવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે "ડાયરો" ક્રાંતિ મેદાન, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુમન શાળામાં પ્રવેશ બાબત

આથી ન. પ્રા. શિ. સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા હદ વિસ્તરણ બાદ નગરપાલિકા/ગ્રામપંચાયત વિસ્તારની જીલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળાઓ ન. પ્રા.શિ.સમિતિ હસ્તક લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં જહાંગીરપુરા જીનીંગ મીલથી સારોલી (ઓલપાડ) તરફ જતાં ૧૫૦' પહોળાઈના રસ્તાનો સુડાના મંજુર વિકાસ નકશામાં તથા ટી.પી. સ્કીમમાં પણ સમાવેશ થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા વિભાગની એન્રોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) રીન્યુઅલ વસુલાતની કામગીરી

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ પ્રોફેશનલ ટેક્ષની વસુલાતની કામગીરી રાજય સરકારશ્રી એ સુરત મહાનગરપાલિકાને તા.૧/૧૦/૨૦૦૬થી સુપ્રત કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ડ્રા. ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૫૨ તથા ૫૩, બ્લોક નં.૧૫૧ થી ૧૫૩ વાળી જગ્યામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પુર્વઝોન(વરાછા)ની પૂણા વિસ્તારમાં ખાડી કિનારેના બાંધકામોનું મોટા પાયે ડીમોલીશન અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તામાં આવેલ માતૃશકિત સોસાયટી વિભાગ –૧ ના સબ પ્લોટ નં.બી/૧૮૯ માં ખાડી માર્જીન છોડયા વગર શ્રી અરવિંદભાઈ ગોરધનભાઈ પટેલએ મકાન બનાવવાના ઈરાદાથી પ્લીંથ સુધીનું બાંધકામ શરૂ કરી નાખેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા) જીન પાસે ૧૫૦ ' ના સુરત– ઓલપાડ રોડ અને ૧૨૦' ના સુરત–વરીયાવ રોડના 'વાય' જંકશન ઉપર બોટલનેક સર્જાય છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાર પ્રકલ્પોની ઉદઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ



તા.૧લી મે, ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે સ્મીમેર લાયબ્રેરીની ઉદઘાટનવિધિ, લિંબાયત ઝોન ખાતે યુ. સી. ડી. સેન્ટરની ઉદઘાટનવિધિ અને પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ તથા રાંદેર ઝોન ખાતે સીનીયર સીટીઝન કમ મલ્ટી પર્પઝ હોલની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા વિભાગની કામગીરી

રાજય સરકારશ્રી તરફથી એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (આર.સી.) હેઠળ નોંધાયેલ સંસ્થાના વ્યવસાયવેરા વસુલાતની કામગીરી વેચાણવેરા કચેરી તરફથી કરવામાં આવતી હતી, તે પૈકી એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) હેઠળ નોંધાયેલ સંસ્થાના વ્યવસાયવેરા વસુલાત તેમજ નોંધણીની કામગીરી તા. ૧–૧૦–૦૬ થી નગરપાલિકા તથા મહાનગરપાલિકાઓને સોંપવામાં આવેલ. તાજેતરમાં રાજય સરકારશ્રીએ આ કાયદામમાં સુધારો કરી વ્યવસાય વેરાની રકમમાં સુધારો સુચવેલ છે. તથા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ (આર.સી.) જેમાં રાજય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, રાજય /કેન્દ્ર સરકારના જાહેર ક્ષેત્રનાં ઉપક્રમો અને ગ્રાન્ટ ઈન એઈડની સંસ્થાના પગારદારો અને વેતનદારો સિવાયનાં તમામ વર્ગના પગારમાંથી કપાત કરવામાં આવે છે તે મહાનગરપાલિકા/નગરપાલિકા માં તા. ૧–૪–૦૮ થી જમા કરાવવાનો સુધારો કરેલ છે, જે અંગે તેવી સંસ્થાઓની જાણકારી અને વસુલાતની પધ્ધતિ, વ્યાજ પેનલ્ટી, રજીસ્ટરોની નિભાવણી, રીટર્ન ફાઈલ કરવા સંબંધી વિગેરે કાર્યવાહી /માર્ગદર્શન અર્થે આજરોજ એક મીંટીંગ મહાનગરપાલિકામાં રાખવામાં આવેલ, જેમાં વેચાણવેરા કચેરીના ડેપ્યુટી કમિશનર શ્રી આર.કે.ચૌધરી તથા ડેપ્યુટી કમિશનર શ્રી આ.આ. પટેલે હાજર રહી વિસ્તૃત જાણકારી અને માર્ગદર્શન આપેલ. આ મીંટીંગમાં મહાનગરપાલિકાનાં ડેપ્યુટી કમિશનર(પ.અનેઈ.), આસી.કમિશનર(ફાયનાન્સ), તમામ ઝોનનાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરો – દુકાનધારા નિરીક્ષકો– પ્રોફેહનલ ટેક્ષ રીકવરી સેલનાં કર્મચારીઓ વિગેરે હાજર રહયાં હતા.

મીંટીંગમાં મ્યુનિ. કમિશનર કુ. એસ અર્પણાએ હાજર રહી વ્યકિતગત રીતે રસ લઈ પ્રશ્નોત્તરી કરી માહિતી મેળવી કોમ્પ્યુટરાઈઝેશન કરી ત્વરિત કમગીરી હાથ ધરવા તથા વસુલાત કેન્દ્રની જાહેરાત ઝડપથી કરવા સુચનો કર્યા હતા. મહાનગરપાલિકા એનરોલમેન્ટ સર્ટી (ઈ.સી.) ની કામગીરી કરતી આવેલ છે, જેથી રજીસ્ટ્રેશન સર્ટી (આર.સી.) ની કામગીરી કરવામાં સરળતા રહેશે. રજીસ્ટ્રેશન સર્ટી (આર.સી.) હેઠળ અંદાજે ૩૫૦૦ જેટલી સંસ્થાઓ નોંધાયેલ છે તેની તમામ ફાઈલો, રેકર્ડ, રજીસ્ટરો ટુંક સમયમાં વેચાણવેરા કચેરી મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવનાર છે.

TOP

## સુરત મહાનગરપાલિકા, હરિઓમ જનરલ હોસ્પીટલ, જાયન્ટસ ગૃપ, ચોર્યાસી ડેરી અને લાફીંગ કલબના સંયુકત ઉપક્રમે ''બાળમેલા'' નું આયોજન

તા.ર૭/૦૪/ર૦૦૮નાં રોજ એલ.પી.સવાણી શાળાની સામેના ભાગે આવેલ દ્રષ્ટિ કોમ્પ્લેક્ષ આગળ સુરત મહાનગરપાલિકા, હરિઓમ જનરલ હોસ્પીટલ, જાયન્ટસ ગૃપ, ચોર્યાસી ડેરી અને લાફીંગ કલબના સંયુકત ઉપક્રમે ''બાળમેલા'' નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ડે.કમિશનરશ્રી (હે.અને હો.) ઈન્ડિયન મેડીકલ કાઉન્સીલ ના ડોકટરો હરીઓમ જનરલ હોસ્પીટલના ડો.ભૂપેશ ચાવડા, ચોર્યાસી ડેરી અને જાયન્ટસ ગૃપના હોદેદારો ઉપસ્થિત રહયા હતા. અંદાજે ૪પ૦ જેટલા બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં પાલ–પાલણપોર વિસ્તારની આંગણવાડીના પ૦ પાંચ વર્ષથી નાના બાળકોનો પણ સમાવેશ થાય છે. આ બાળકોની વજન ઉંચાઈ, પોષણ, દાંતનું સ્વાસ્થ્ય, બ્લડ રીપોર્ટસ રસીકરણની માહિતી  એકત્ર કરી વાલીઓને યોગ્ય માર્ગદર્શન  આપવામાં આવેલ છે. બાળમેલા સાથે ''તંદુરસ્ત બાળ સ્પર્ધા'' પણ રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં રસીકરણ, સગર્ભા બહેનોને આરોગ્ય વિષયક સલાહ, ટી.બી.ની તપાસ મેલેરીયા સંદર્ભે જાણકારી અંગેની માહિતી તેમજ પ્રદર્શન યોજવામાં આવેલ હતું.

TOP

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

**(૧) પૂર્વઝોન (વરાછા) કરંજ વિસ્તારમાં આવેલ વર્ષા સોસાયટી –માં દૂર કરેલ ગેરકાયદેસર બાંધકામઃ**

પૂવઝોન (વરાછા) ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ), ફા.પ્લોટ નં.૫૫, પૈકીમાં આવેલ વર્ષા સોસાયટી વિભાગ –૨ ના સબ પ્લોટ નં.૪૧૯, ૪૨૦ માં આવેલ સદભાવના વિદ્યાલયના હયાત મકાનમાં ત્રીજા માળનું ગેરકાયદેસર બાંધકામ સંચાલકશ્રી નાનાજીભાઈ છગનભાઈ ઝીંઝાળા તરફથી શરૂ કરવામાં આવેલ. અત્રેથી વારંવાર તાકીદ કરવા છતાં તેઓએ રાત દિવસ કામ ચાલુ રાખતાં આજ રોજ આશરે ૯૦૦ ચો. ફૂટ નું બાંધકામ અત્રેથી દૂર કરવામાં આવેલ છે. સંચાલકશ્રી પાસેથી થયેલ ડીમોલીશન પેટે રૂ.૫૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે જમા લેવામાં આવેલ છે.

**(૨) મોટાવરાછા વિસ્તામાં આવેલ વ્રજભૂમિ સોસા ., માધવ પેલેસ એપા. તથા ખોડલછાયા સોસા. માં દુર કરેલ ગેકાયદેસર બાંધકામઃ**

પૂવઝોન (વરાછા)નવા સમાવિષ્ટ થયેલ મોટા વરાછા વિસ્તારમાં ટી.પી.ી સ્કીમં. ૨૪ બ્લોક નં. ૧૫૨માં આવેલ. વ્રજ ભુમિ સોસાયટી માં આવેલ ૩૦×૫૦૦ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પ્લીંથ લેવલ સુધીનું તથા સદર બ્લોક માં આવેલ માધવ પેલેસ એપા.ના. ઓર્ગેનાઈઝર ધ્વારા કોમન ઓપન પ્લોટમા દબાણ કરી આશરે ૮૦' લંબાઈની દીવાલ નું કરેલ ગેરકાયદેસર બાંધકામ પણ દુર કરી કોમન ઓપન પ્લોટની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

તેમજ મંજુર પ્લાન વિરુધ્ધ માધવ પેલેસ ના ઓર્ગેનાઈઝરો ધ્વારા રસ્તા તરફે બિલ્ડીંગના ઓફસેટ કવર કરી ૬(છ) દુકાનોમાં વધારાનું બાંધકામ કરવામાં આવેલ હતું. જે આજરોજ સુરત મહાનગરપાલિકાના સ્ટાફ ધ્વારા દૂર કરવાનું શરૂ કરતાં મિલકતદારો ધ્વારા લેખિત બાંહેધરી રજુ કરી બિનઅધિકૃત બાંધકામ જાતે દુર કરવાનું શરૂ કરવામાં આવેલ છે. મિલકતદારો પાસેથી ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– જમા લેવામાં આવેલ છે.

ટી.પી. સ્કીમ નં. ૨૪(મોટા વરાછા) બ્લોક નં.૧૬૭ માં આવેલ ખોડલછાયા સોસાયટીના કોમન ઓપન પ્લોટ માં ફા.પ્લોટ નં.૧૫૯ (યુટીલીટી સેન્ટર) નું રીઝર્વેશન મુકવામાં આવેલ છે. જેમાં સોસાયટીના ઓર્ગેનાઈઝરો ધ્વારા આશરે ૮૦×૨૦ માપ વિસ્તારમાં કરેલ કુલ–૩ પ્લોટનું પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ દુર કરી કુલ–૧૬૦૦ ચો. ફૂટ જેટલી રીઝર્વેશન ની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

**(૩) નાનાવરાછા વિસતારમાં આવેલ નવી ટાંકી પાળ ઝુપડપટ્ટી માં બનેલ દુકાનો નુ દુર કરેલ ગેરકાયદેસર બાંધકામ.**

ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા), ફ.પ્લોટ નં. ૬૭ માં આવેલ ટાંકીપાળ ઝુપડપટ્ટી માં ૨૦૦ ના વરાછા મેઈનરોડ તરફે પ્લોટ ના કબજેદાર ધ્વારા આશરે ૫૦×૧૫ ના માપ વિસ્તારમાં કુલ –૫(પાંચ) દુકાનોનું બીમ, કોલમ, સ્લેબ ભરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતું. જે ગેરકાયદેસર બાંધકામ આજરોજ જમીન દોસ્ત કરવામાં આવેલ છે.

TOP

## સાંસ્કૃતિક વિભાગ ધ્વારા તા.૧/૫/૨૦૦૮ ને ગુરુવારના રોજ રાત્રે ડાયરાનું આયોજન.

ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧/૫/૨૦૦૮ ને ગુરુવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે "ડાયરો" ક્રાંતિ મેદાન, વરાછા ઝોન ઓફિસની સામે, વરાછા રોડ ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ ડાયરાના કલાકારશ્રી કાંતીભાઈ ચૂડાસમા, મહેશભાઈ દાદા જાની, સુરેશભાઈ ભટ્ટ, વિનુબાપુ મહુવાવાળા , ભોજાભાઈ મેર, કુ.પ્રફુલ્લાબેન પ્રજાપતિ, કુ. રૂપલ ચાવડા, કુ.કાજલ પરમારના સથવારે યોજાશે. એ પ્રસંગની ઉજવણીરૂપે યોજાનાર ડાયરાના સુપ્રસિધ્ધ કલાકારો મહાલવા માટે જાહેર જનતાને અનુરોધ છે.

TOP

## સુમન શાળામાં પ્રવેશ બાબત

આથી ન. પ્રા. શિ. સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓ તથા હદ વિસ્તરણ બાદ નગરપાલિકા/ગ્રામપંચાયત વિસ્તારની જીલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાઓ પૈકી જે શાળાઓ ન. પ્રા.શિ.સમિતિ હસ્તક લેવામાં આવેલ છે. તેવી શાળાઓ ખાતે અભ્યાસ કરી ધોરણ–૭ પાસ થયેલ વિદ્યાર્થીઓ તથા વાલીઓને જણાવવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલો(ગુજરાતી તથા મરાઠી માધ્યમ)ખાતે ધોરણ–૮, માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને તા.૨/૫/૨૦૦૮ થી તા.૮/૫/૨૦૦૮નાં સમયગાળા દરમ્યાન સવારે ૮–૦૦ થી ૧૨–૦૦ કલાક દરમ્યાન પ્રવેશ અંગેના નિયત ફોર્મ વિતરણ તથા સ્વીકારવાની કામગીરી કરવામાં આવનાર છે. તા.૯/૫/૨૦૦૮ નાં રોજ આવેલ પ્રવેશ ફોર્મના આધારે મેરીટસ યાદી મુજબ પ્રવેશ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઉપરોકત તારીખ અને સમયે લાગત સુમન હાઈસ્કુલ ખાતેથી પ્રવેશફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી સ્કૂલ લીવીંગ, માર્કશીટ વિ. પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે રૂબરૂમાં પરત કરી મેરીટસ યાદી મુજબ પ્રવેશ મેળવી લેવા જણાવવામાં આવે છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં જહાંગીરપુરા જીનીંગ મીલથી સારોલી (ઓલપાડ) તરફ જતાં ૧૫૦' પહોળાઈના રસ્તાનો સુડાના મંજુર વિકાસ નકશામાં તથા ટી.પી. સ્કીમમાં પણ સમાવેશ થયેલ છે. ઉકત મંજુર ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતી મિલ્કતો/જમીન વિગેરેનો કબજો મેળવવાની કામગીરી હાલમાં પશ્ચિમ ઝોન(રાંદેર) મારફત હાથ ધરવામાં આવેલ છે. સદરહુ રસ્તાનો કબજો મેળવવાની કામગીરી દરમ્યાન આજરોજ રસ્તા પૈકીની જમીનમાં આવેલ ખોડીયાર સ્ટીલ તથા અન્ય એક હાર્ડવેરની દુકાન (અંશત) મળી કુલ –૫૦૦ ચો. ફુટ મિલ્કત દુર કરી ખુલ્લી જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. તેમજ આ જ રસ્તા ઉપર આવેલ પુરૂષોત્તમ જીનીંગ મીલની રસ્તાની અસર હેઠળ આવતી આશરે ૧૦૦૦ ફુટ લાંબી કંપાઉન્ડ વોલ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. આમ, આ રસ્તા ઉપર કુલ આશરે ૯૦૦૦ ચો.મી. રસ્તો ખુલ્લો કરી કબજો લેવામાં આવેલ છે. તેમજ આ કબજો મેળવેલ રસ્તા પૈકીની જગ્યા ઉપર દબાણ ન થાય તે માટે તાત્કાલિક અસરથી મેટલ ગ્રાઉટીંગ રસ્તાની બંને બાજુ સર્વિસ રોડ બનાવવાની કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા હાથ ધરવામાં આવેલ છે. વધુમાં, સુરત ઓલપાડ રોડની ડાબી તરફ પણ રસ્તાને પુરેપુરી પહોળાઈમાં ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

સદર રસ્તા ઉપર સૂચિત સી.સી.રોડ પ્રોજેકટનું આયોજન હોય, જે કામ સમયમર્યાદામાં થઈ શકે તે હેતુથી આ રસ્તો પુરેપુરી પહોળાઈમાં ખુલ્લો કરવાની કામગીરી ઝોનલ ચીફશ્રીની સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોનના શહેરવિકાસ/દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ.

TOP

## વ્યવસાય વેરા વિભાગની એન્રોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) રીન્યુઅલ વસુલાતની કામગીરી

ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ પ્રોફેશનલ ટેક્ષની વસુલાતની કામગીરી રાજય સરકારશ્રી એ સુરત મહાનગરપાલિકાને તા.૧/૧૦/૨૦૦૬થી સુપ્રત કરેલ છે. જે અનુસાર એન્રોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) રીન્યુઅલ વસુલાતની કામગીરી મહાનગરપાલિકા કરે છે. સદર કાયદાની જોગવાઈઓ અનુસાર વિવિધ વીમા કંપનીઓમાં એજન્ટ તરીકે કામ કરતા ઈસમોએ/એજન્ટોએ મહાનગરપાલિકાની સંબંધિત કચેરીએ સંપર્ક કરી એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન (ઈ.સી.) રીન્યુઅલ વસુલાત ભરપાઈ કરવા વખતો વખત વર્તમાનપત્રોમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી હતી.

તાજેતરમાં વીમા એજન્ટસ એસોસીયેસનના પ્રતિનિધિઓ સાથે થયેલ ચર્ચા વિચારણા બાદ કરદાતાઓની સવલત માટે નીલાજંલી એપાર્ટમેન્ટ, ગેઈલ ટાવરની સામે, આનંદ મહેલ રોડ, અડાજણ સુરત ખાતે કચેરી કામકાજના દિવસોએ દરરોજ સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકના સમય દરમ્યાન વ્યવસાય વેરાનાં કર્મચારીઓ એન્રોલમેન્ટ રજીસ્ટ્રેશન(ઈ.સી.) રીન્યુઅલ વસુલાતની કામગીરી કરશે. આ સવલતો તમામ વીમા એજન્ટોએ લાભ લઈ તાકીદે એન્રોલમેન્ટ રજીસ્ટ્રેશન કરાવી લેવા મહાનગરપાલિકાની એક યાદી જણાવે છે.

આ બાબતમા વીમા એજન્ટસ એસોસીયેસનના પ્રમુખશ્રી સાથે ચર્ચા થયેલ છે. તેમણે પણ આ બાબતે સહકાર આપવા ખાત્રી આપેલ છે. તે મુજબ વીમા કંપનીના તમામ એજન્ટોએ સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ ડ્રા. ટી.પી.સ્કીમ નં.૨૭ (ઉત્રાણ–કોસાડ) ફા.પ્લોટ નં.૫૨ તથા ૫૩, બ્લોક નં.૧૫૧ થી ૧૫૩ વાળી જગ્યામાં સુડા ધ્વારા મંજુર કરવામાં આવેલ સોસાયટીમાં C.O.P વાળા ભાગમાં મિલકતદારો ધ્વારા ગાળા બનાવવાના ઈરાદે બાંધકામ શરૂ કરેલ જેને અટકાવવા માટે નોટીસો આપેલ તેમ છતાં મિલકતદારો ધ્વારા નોટીસનો અમલ નહિ કરતાં આજરોજ સદરહું C.O.P વાળા ભાગમાં દિવાલો તથા સ્લેબ સહિતનું તથા અન્ય ગાળાઓમાં માર્જીનવાળા ભાગમાં દિવાલોના ચણતર સહિતનું આશરે ૩૦૦૦ ચો.ફૂટ બાંધકામ નોર્થઝોન (કતારગામ)ના શહેર વિકાસ તથા દબાણ સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં વહીવટી ચાર્જ પેટે રૂા. ૨૦,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ કરવામાં આવેલ છે.

TOP

## પુર્વઝોન(વરાછા)ની પૂણા વિસ્તારમાં ખાડી કિનારેના બાંધકામોનું મોટા પાયે ડીમોલીશન અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તામાં આવેલ માતૃશકિત સોસાયટી વિભાગ –૧ ના સબ પ્લોટ નં.બી/૧૮૯ માં ખાડી માર્જીન છોડયા વગર શ્રી અરવિંદભાઈ ગોરધનભાઈ પટેલએ મકાન બનાવવાના ઈરાદાથી પ્લીંથ સુધીનું બાંધકામ શરૂ કરી નાખેલ હતું. જે અત્રે થી અટકાવવામાં આવેલ હતું . તેમ છતાં આ ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હોવાથી અંદાજે ૬૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ હિત ધરાવનારા પાસેથી રૂા.૧૫,૦૦૦ /– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા) જીન પાસે ૧૫૦ ' ના સુરત– ઓલપાડ રોડ અને ૧૨૦' ના સુરત–વરીયાવ રોડના 'વાય' જંકશન ઉપર બોટલનેક સર્જાય છે. જેના કારણે આ રસ્તા ઉપરના ટ્રાફિકને અડચણરૂપ થાય છે. ત્યાં આવેલ જુદા–જુદા પાંચ કબ્જેદારોને સૂચના આપતાં તેઓ ધ્વારા સ્વૈરિછક રીતે કબ્જો ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ આ સ્થળ ઉપર આવેલ ૬– જેટલી કેબીનોનું દબાણ પણ દુર કરેલ છે. જેથી આ દબાણ દુર થતાં ૧૫૦' તથા ૧૨૦' ના રસ્તાના જંકશન ઉપર ૫૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી થશે તેમજ અગત્યના એવા આ સુરત–ઓલપાડ રોડ પરનું બોટલનેક દુર થશે અને રસ્તા ઉપરનો વાહનવ્યવહાર વધુ સરળતાથી પસાર થઈ શકશે.

વધુમાં, સુરત–ઓલપાડ રસ્તા ઉપર સારોલી જુના જકાતનાકા પાસે ૧૫૦' ના ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતો શ્રનાથ ટીમ્બર વાળા ડેન્સાનો આશરે ૮૦૦ ચો.ફુટ જેટલો ભાગ ખુલ્લો કરી રસ્તાના હેતુ માટે કબજો મેળવવામાં આવેલ છે. ખુલ્લો કરેલ આ ભાગમાં તાત્કાલિક અસરથી મેટલ ગ્રાઉટીંગ ની કામગીરી ઝોન ધ્વારા હાથ ધરવામાં આવનાર છે.

ઉપરોકત કામગીરી ઝોનલ ચીફશ્રીની સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વેસ્ટ ઝોનના શહેર વિકાસ /દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ.

**TOP**

## ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાર પ્રકલ્પોની ઉદઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ



તા.૧લી મે, ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન ખાતે સ્મીમેર લાયબ્રેરીની ઉદઘાટનવિધિ, લિંબાયત ઝોન ખાતે યુ. સી. ડી. સેન્ટરની ઉદઘાટનવિધિ અને પ્રાથમિક શાળાની ખાતમુહૂર્તવિધિ તથા રાંદેર ઝોન ખાતે સીનીયર સીટીઝન કમ મલ્ટી પર્પઝ હોલની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો.કનુભાઈ જી. માવાણીના વરદહસ્તે સંપન્ન થઈ. આ પ્રસંગે અતિથિવિશેષશ્રીઓ ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા ડો.જગદીશભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, કમિશનરશ્રી, મ્યુ. સદસ્યશ્રીઓ તથા અધિકારી કર્મચારીગણ અને વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.



સ્મીમેર હોસ્પિટલ સંકુલ ઉમરવાડા ખાતે મધ્યસ્થ પુસ્તકાલય (સ્મીમેર) અલાયદા ભવનમાં સંપૂર્ણ સુવિધા સાથે તબીબી વિજ્ઞાન ક્ષેત્રે ૧૦૨૯૫ પુસ્તકો અંદાજે રૂા.૧.૬૫ કરોડના ખર્ચે તથા ભારતીય સામાયિકો અને વિદેશ સામાયિકો મળી ૧૫૦ મેડીકલ સામાયિકો ૨૫ લાખના ખર્ચે ખરીદ કરી સંગ્રહ કરવામાં આવશે. આ સુવિધાથી ટીચીંગ સ્ટાફ, વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓને પોતાના અભ્યાસ તેમજ તબીબી ક્ષેત્રે નવી શોધખોળો આ કાર્યમાં સંકલિત કરી ઉપયોગકારક રહેશે. મધ્યસ્થ પુસ્તકાલયમાં ૩૦ લાખના ફર્નિચર અને ભૌતિક સુવિધા થી સજજ છે.પુસ્તકાલયમાં ૩૦ કોમ્પ્યુટર થી સજજ એરકંડિશનર સુવિધા સાથે આધુનિક કોમ્પ્યુટર લેબની સવલત સાથે ૮(આઠ) કોમ્પ્યુટર ઈન્ટરનેટની સુવિધા છે.સ્મીમેર પુસ્તકાલયના ગ્રાઉન્ડ ફલોર ઉપરાંત ૩(ત્રણ) માળમાં વિવિધ સવલતો ધરાવતું તબીબી વિજ્ઞાન ક્ષેત્રે અદ્યતન પુસ્તકાલય છે.



લિંબાયત ઝોનમાં પરવટ ખાતે વિકાસ નગર સોસાયટી ખાતે યુસીડી સેન્ટર રૂા.૧૦,૭૦,૦૦૦ના ખર્ચે નિર્માણ થયેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૭૬૧.૬૩ ચો.ફુટ છે.જેમાં હોલ ,કિચન,ઓફિસ તથા પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.યુસીડી સેન્ટરના નિર્માણથી પરવટગામ હળપતી વાસ તથા નજીકની સોસાયટીના રહીશોને વિશેષ સુવિધા પ્રાપ્ત થયેલ છે. ડુંભાલ ટેના.ખાતે પ્રા.શાળા અંદાજે રૂા.૯૫/– લાખના ખર્ચે ૧૯૬૨૬.૨૪ ચો.ફુટ બાંધકામ ધરાવતી ગ્રાઉન્ડ ફલોર ઉપરાંત ત્રણ માળમાં ૨૭ કલાસરૂમ, એક હોલ,સ્ટાફરૂમ, તથા પ્રિન્સીપલરૂમ ધરાવતી શાળા સાકારિત થશે. આ શાળાથી ડુંભાલ ટેના, કમરૂનગર,મીઠીખાડી અને આંબેડકર વસાહતના નાગરિકોને સુવિધા પ્રાપ્ત થશે.

રાંદેર ઝોન ખાતે ઈશિતાપાર્ક સોસા.ની બાજુમાં અડાજણરોડ ખાતે સીનીયર સીટીઝન કમ મલ્ટીપર્પઝ હોલ લગભગ ૧.૯ કરોડના ખર્ચે ૩૧૦૦ ચો.મીટર પ્લોટમાં ૧૫૫૯.૯૪ ચો.મીટર બાંધકામ ધરાવતો હોલ સાકારિત થશે. ગ્રાઉન્ડ ફલોર ખાતે મલ્ટીપર્પઝહોલ, રીડીંગરૂમ, (કન્યાઓ માટે), પ્રવૃતિરૂમ,સીટીંગ એરીયા,ટોયલેટ,કીચન,સ્ટોર,ઓફિસ, જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે. પ્રથમ માળ ખાતે એકટીવીટીરૂમ,રીડીંગરૂમ(બાળકોમાટે), અંડરગ્રાઉન્ડ તેમજ ઓવરહેડ પાણીની ટાંકીની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ વિસ્તારની અંદાજે ૨ લાખ વસ્તીને આ સુવિધાનો લાભ પ્રાપ્ત થશે.

TOP